Friday
06.12.2024
✳Volume :9 ✳ Issue No.141
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-


# ગાંધીનગર જિલ્લાના રાંચરડા ગામે અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા

## દેરાસરથી મહોત્સવના સ્થળ સુધી મુખ્યમંત્રીશ્રી ગુરુ ભગવંતો સાથે પગપાળા પહોંચ્યા





કમલમ્,

ગાંધીનગર જિલ્લાના રાંચરડા ગામે દક્ષિણ શૈલીના સૌ પ્રથમ વિશિષ્ટ કલાકૃતિથી યુક્ત અનન્ય અને અજોડ સ્થાપત્ય એવા પાર્શ્વ પ્રેમ જિનેશ્વર ધામ ખાતે અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા હતા. ૧૧ દિવસીય મહામંગલકારી મહોત્સવના સાતમા દિવસે મુખ્યમંત્રીશ્રીએ શ્રી પાર્શ્વનાથ પ્રભુના દેરાસરમાં જઈ પૂજા અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા. દેરાસરથી મહોત્સવના સ્થળ મુખ્યમંત્રીશ્રી ગુરુ ભગવંતો સાથે ચાલીને ગયા હતા.

શ્રી પાર્શ્વપ્રેમ ૨૪ જિનેશ્વર ધામના પ્રીત પ્રેરક શ્રી ગુરુ પ્રેમના આજીવન ચરણોપાસક પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રીમદ વિજય કુલચંદ્રશ્રી સૂરીશ્વરજી મહારાજ સાહેબે મુખ્યમંત્રીશ્રીને રક્ષા સૂત્ર બાંધ્યું હતું. દરેકના જીવનમાં પ્રેમ, દયા, આરાધના અને સિદ્ધિના ગુણો આત્મસાત થાય એવી પ્રાર્થના મુખ્યમંત્રીશ્રીએ ભગવાનના ચરણોમાં કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનું અનાવરણ પણ કર્યું હતું. શ્રી મંગલ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું હાર, શ્રીફળ અને સ્મૃતિ ચિન્હ આપી, સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે "પ્રેમે પધારો પારસજી, અમે તમારા વારસજી" નૃત્ય નાટિકાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શ્રી પાર્શ્વ પ્રેમ ચોવીસ જિનેશ્વર ધામના અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં ગિરનાર તીર્થ ચંદ્રપુરી તીર્થ, રત્નપુરી તીર્થ, સમેત શિખરજી, ભેલપુર તીર્થ, જેવાં ૧૨૦ તીર્થોની પ્રતિકૃતિનું નયન રમ્ય સર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તપાગચ્છાધિપતિ શ્રી વિજય મનોહર કીર્તિસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ, રાજય શ્રીશ્વરજી મહારાજ સાહેબ, ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, શીલરત્નસુરીશ્વરજી મહારાજ સાહેબ, હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, અભય સેના શ્રીશ્વરજી મહારાજસાહેબ, શ્રીમદ વીતરાગયશસૂરીશ્વરજી અને મગરવાડા ગાદીપતિ પરમ પૂજ્ય શ્રી વિજય સોમજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં યોજાયો હતો.

ગુજરાતના અને ગુજરાત બહારથી આવેલા ધર્મપ્રેમી ભાઈઓ અને બહેનો, શ્રાવક-શ્રાવિકાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.




